નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫.
બૌધ્ધિક અસમર્થતતા ધરાવતી દિવ્યાંગોની સંસ્થાઓમાં મહેકમમાં વધારો મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-SJED/NIR/e-file/17/2023/3279/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૩/૨૦૨૪.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૩/૭૭૮૧૨૧/ન.બા.-૭/છ-૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૪/૮૫૯૩૪૭/ન.બા.-૧/છ-૧.

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૧૦/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૯/૮૩૪૨૧/છ.૧.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૧૬/૦૨/૨૦૨૪નો પત્ર નં.DSD/NIT/e-file/226/2023/2315/Planning Branch.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૩૧/૦૭/૨૦૧૪ના ઠરાવથી રાજકોટ ખાતે ૧૮ વર્ષથી નીચેની અને ૧૮ વર્ષથી ઉપરની વયની બૌધ્ધિક અસમર્થતતા ધરાવતા ભાઇઓ માટેની ૮૫ લાભાર્થીઓ માટેની સરકારી સંસ્થાનું શરૂ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૩૦/૦૪/૨૦૧૫ના ઠરાવથી અમદાવાદ ખાતે ૧૮ વર્ષથી નીચેની અને ૧૮ વર્ષથી ઉપરની વયની બૌધ્ધિક અસમર્થતતા ધરાવતી બહેનો માટેની ૨૫-૨૫ લાભાર્થીઓ માટેની સરકારી સંસ્થાના યુનિટ શરૂ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના વિભાગના તા.૧૪/૧૦/૨૦૧૯ના ઠરાવથી રાજકોટ ખાતે સરકારી ધોરણે બૌધ્ધિક અસમર્થતતા ધરાવતી બાળાઓ/મહિલાઓ માટેની ૫૦ લાભાર્થીઓ માટેની સરકારી સંસ્થા શરૂ કરવામાં આવેલ છે. જે-તે સમયે આ સંસ્થાઓમાં સ્ટાફ પણ મંજુર કરવામાં આવેલ હતો પરંતુ હાલમાં સંસ્થાઓમાં પ્રવેશ પામેલ બૌધ્ધિક અસમર્થતતા ધરાવતા ભાઇઓ/બહેનોની સ્થિતિને ધ્યાનમાં રાખીને વધારાનું વર્ગ-૪ સંવર્ગનો આઉટસોર્સથી સેવાઓ લેવા અંગેની વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં કુલ રૂ.૦.૧૨ કરોડની નવી બાબતને સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની વંચાણે લીધેલ ક્રમાંક(૪) ઉપરની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે બૌધ્ધિક અસમર્થતતા ધરાવતી દિવ્યાંગોની વંચાણે લીધેલ ક્રમાંક(૧),(૨),(૩) ઉપરના ઠરાવથી શરૂ કરવામાં આવેલ આ સંસ્થાઓમાં હાલમાં પ્રવેશ પામેલ બૌધ્ધિક અસમર્થતતા ધરાવતા ભાઇઓ/બહેનોની સ્થિતિને ધ્યાનમાં રાખીને વધારાની વર્ગ-૪ સંવર્ગની સેવાઓ આઉટસોર્સથી લેવા અંગેની વર્ષ ૨૦૨૪-૨૫ની કુલ રૂ.૦.૧૨ કરોડની નવી બાબતને નીચેની વિગતો/શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

બૌધ્ધિક અસમર્થતતા ધરાવતી દિવ્યાંગોની સંસ્થાઓમાં આઉટસોર્સ મહેકમમાં નીચે મુજબ વધારો કરવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | સેવાનું નામ | અમદાવાદ-નરોડા ખાતે મંજુર કરવાની સેવાઓ | ભક્તિનગર રેલ્વે સ્ટેશન પાછળ, રાજકોટ ખાતે મંજુર કરવાની સેવાઓ | કાલાવડ રોડ, રાજકોટ ખાતે મંજુર કરવાની સેવાઓ | કુલ મંજુર | (સેવાઓ*મહેનતાણું) માસિક કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧ | એટેન્ડન્ટ | - | - | - | ૦૦ | લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ |
| ૨ | ચોકીદાર | - | - | ૦૧ | ૦૧ | |
| ૩ | મદદનીશ રસોયા | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૩ | |
| ૪ | સ્વીપર | - | - | - | ૦૦ | |

| ક્રમ | સેવાનું નામ | અમદાવાદ-નરોડા ખાતે મંજુર કરવાની સેવાઓ | ભક્તિનગર રેલ્વે સ્ટેશન પાછળ, રાજકોટ ખાતે મંજુર કરવાની સેવાઓ | કાલાવડ રોડ, રાજકોટ ખાતે મંજુર કરવાની સેવાઓ | કુલ મંજુર | મહેનતાણા આઉટસોર્સિંગ સ્ટાફને ચુકવવાના રહેશે. (સેવાઓ*મહેનતાણુ) માસિક કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૫ | પટાવાળા | - | - | ૦૧ | ૦૧ | |
| ૬ | નર્સ | ૦૧ | ૦૧ | - | ૦૨ | ૨૦૦૦૦/- અન્ય ચાર્જીસ સિવાય |

શરતો:

(૧) આઉટસોર્સથી સેવા વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.

(૨) આઉટસોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૩) આઉટસોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૪) ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

(૫) રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઇપીએફ, ટીડીએસ, સર્વીસ ટેક્ષ, GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી સમાજ સુરક્ષાની રહેશે.

(૬) એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી સમાજ સુરક્ષાની રહેશે.

(૭) મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

(૮) આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

(૯) આઉટસોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

(૧૦) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૧) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૨) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૫) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૬) સદર બાબતે તા.૦૧/૦૪/૨૦૨૪ પછીથી ખર્ચ કરવાનો રહેશે.

(૧૭) સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ-નિયમો તથા યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતો તેમજ આ ઠરાવની શરતોનું ચૂસ્તપણે પાલન થાય તે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૯/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: GAMETI PRAMESH MAGANBHAI
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Mar-2024 (06:56 PM)

( પ્રમશ ગામતા)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.